
# Prajñā

JOURNAL OF HUMANITIES, SOCIAL SCIENCES AND BUSINESS ADMINISTRATION

(Peer Reviewed Referred and U.G.C. Listed Journal No. 48557)

Volume : 20 December 2018 Annual ISSN : 2250 - 0901




SARDAR PATEL UNIVERSITY

Vallabh Vidyanagar, Gujarat

Website : www.spuvvn.edu

Scanned with CamScanner

# કૌટિલીય સપ્તાંગ સિદ્ધાંતની પ્રાસંગિકતા

**લલિતકુમાર પટેલ**

**અનુસ્નાતક સંસ્કૃત વિભાગ**

**૧. સારાંશઃ-**

કૌટિલ્ય અર્થશાસ્ત્ર રાજનીતિનો પ્રસિદ્ધ ગ્રંથ છે. રાજ્યની સાત પ્રકૃતિઓ માનવામાં આવી છે. તેને રાજ્યના અંગો પણ કહે છે. તે આ પ્રમાણે છે- (૧) સ્વામી (૨) અમાત્ય (૩) રાષ્ટ્ર (જનપદ) ૪. દુર્ગ (કિલ્લો) ૫. કોષ (૬) દંડ (સેના અથવા બળ) (૭) મિત્ર. કૌટિલીય અર્થશાસ્ત્ર આ સપ્તાંગ સિદ્ધાંતને રાજાની સફળતા માટે અને રાજ્યને સાર્વભૌમ બનાવવા માટે આવશ્યક ગણાવે છે. પ્રજારક્ષણ અને પ્રજાહિત માટે આ સાત અંગો મજબૂત, વિશ્વસનીય, નિષ્ઠાપૂર્ણ હોય તે અત્યંત જરૂરી છે. રાજા અને રાજ્ય બંને માટે જ્યારે આધુનિક રાજનીતિમાં આ સાતેયનું સ્વરૂપ બદલાયું છે. તેનું મુખ્ય કારણ છે તેમાં ટેક્નોલોજી દ્વારા થેયલું આધુનિકીકરણ. વળી રાજાશાહી સામે લોકશાહીનું સ્વરૂપ. આ બાબતોને ધ્યાનમાં લઇ કૌટિલીય સપ્તાંગ સિદ્ધાંતની આજના યુગમાં કેટલી પ્રાસંગિકતા છે તેનો વિચાર પ્રસ્તુત લેખમાં કરવામાં આવ્યો છે.



Scanned with CamScanner

## ૨. કૌટિલ્યની અર્થશાસ્ત્રની પરિભાષા:-

કૌટિલ્ય રાજ્યની કોઈ વ્યાખ્યા આપતા નથી, પરંતુ અર્થની પરિભાષા આપે છે. તેમના કથનાનુસાર પ્રમાણે મનુષ્યની આજીવિકાનો આધાર તે અર્થ છે. તેઓ મનુષ્યવાળી ભૂમિને પણ અર્થ કહે છે. તે ભૂમિના લાભ અને પાલન માટેના ઉપાયો કરનારું શાસ્ત્ર તે અર્થશાસ્ત્ર છે. - मनुष्याणां वृत्तिरर्थः, मनुष्यवती भूमिरित्यर्थः। तस्याः पृथिव्याः लाभपालनोपायः शास्त्रमर्थशास्त्रमिति ।।' આમ અર્થની પરિભાષા કૌટિલ્યે 'વૃત્તિ' એવી આપી છે. આ વૃત્તિનો અર્થ 'ભૂમિ' એવો કર્યો છે. તે રીતે વિચારીએ તો પૃથ્વી પર વસનારા તમામ મનુષ્યોની ખુશીનો ઉપાય બતાવનારું શાસ્ત્ર તે અર્થશાસ્ત્ર કહેવાય. સાર્વભૌમ ખુશી માટેનો વિચાર પ્રાચીન રાજનીતિશાસ્ત્ર કરે છે. તેનો આધાર છે- રાજકીય ક્રિયાશીલતા. તેના મુખ્ય અંગો છે- રાજ્યસુરક્ષા, રાજ્યસંવર્ધન અને રાજ્યલાભ. આ ત્રણેયની સિદ્ધિ સમાંગ સિદ્ધાંત પર નિર્ભર છે. માટે કૌટિલ્ય માનવજીવનના ત્રણ ઉદ્દેશો- ધર્મ, અર્થ અને કામ, તેમાંથી સૌથી મહત્ત્વનો 'અર્થ'ને ગણાવે છે. અર્થ વિના ધર્મ અને કામની સિદ્ધિ સંભવ નથી. अर्थ एव प्रधान इति कौटिल्यः। अर्थमूलौ हि धर्मकामौ इति।' આમ, પ્રાચીનકાળમાં કોઇ ભૂ-ભાગ, ક્ષેત્ર, પ્રદેશ અથવા રાષ્ટ્ર દર્શાવવા 'રાજ્ય' શબ્દનો પ્રયોગ કરવામાં આવતો તેને કૌટિલ્ય અર્થ કહે છે. ભારતનું સંવિધાન પણ ભારતને રાજ્યોના એક સંઘ તરીકે ઘોષિત કરે છે. રાજ્યનું સ્વરૂપ આજે લોકશાહીમાં કલ્યાણકારી હોય તે ઈચ્છનીય છે, જે કૌટિલ્ય પણ કહે છે- प्रजासुखे सुखं राज्ञः प्रजानां च हिते हितम् ।।'

## ૩. કૌટિલ્યની શાસન વ્યવસ્થા અને આધુનિક શાસન વ્યવસ્થા:-

કૌટિલ્ય શાસનવ્યવસ્થામાં રાજા સર્વોપરિ હતો. પરંતુ તે મંત્રીમંડળની બનેલી મંત્રીપરિષદ્‌ની મદદથી શાસન ચલાવતો. કૌટિલ્યની શાસનવ્યવસ્થામાં કેન્દ્રીય શાસનના સંચાલન માટે જુદા જુદા વિભાગો હતા. દરેક વિભાગ અધ્યક્ષને આધીન હતો. વિવિધ અધ્યક્ષો વિવિધ વિભાગોનું સંચાલન કરતા હતા. તેમાં મંત્રીમંડળ એ કેન્દ્રીય શાસનનું મુખ્ય અંગ હતું. રાજાના વિવિધ કાર્યોની સહાયતા માટે મંત્રીઓની બનેલી મંત્રીપરિષદ્ હતી. મંત્રીપરિષદ્ માટે શિલાલેખોમાં 'પરિષ' કે 'પરિસા' શબ્દ છે. કેન્દ્રીય સંચાલન માટેના વિભાગોને કૌટિલ્ય 'તીર્થ' એવું નામ આપે છે. તેવાં ૧૮ તીર્થ હતા. પ્રત્યેક તીર્થ મહામાત્ય કે મહામાત્રને આધીન હતું. તીર્થની મદદથી રાજા રાજ્ય ચલાવતો. ભારતમાં લોકશાહી હોવાથી કોઇ સર્વોપરિ નથી. પરંતુ બંધારણની દૃષ્ટિએ રાષ્ટ્રપતિ દેશના સર્વોચ્ચ વડા ગણાય. કામગીરીની દૃષ્ટિએ વિચારીએ તો શાસન ચલાવવાનું કામ લોકોના ચૂંટાયેલા પ્રતિનિધિઓના બહુમતી ધરાવતા પક્ષના વડા વડાપ્રધાન કરે છે. તેઓ સંસદની મદદથી આ વ્યવસ્થા સંચાલિત કરે છે. રાજા નિર્ણય લેવામાં સ્વતંત્ર હતો પરંતુ તે મંત્રીપરિષદ્‌ની સાવ અવગણના કરી શકતો નહીં. વળી પુરોહિત પણ રાજાનું સ્થાન નક્કી કરવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવતા હતા. પણ આ બધું ધર્મશાસ્ત્રીય ગ્રંથોના નિયમો પ્રમાણે ગોઠવાયેલ હતું. જ્યારે આધુનિક શાસન વ્યવસ્થા લેખિત બંધારણ પર આધારિત છે. કૌટિલ્યના 'તીર્થ'ની જેમ વિવિધ વિભાગોના મંત્રીઓની મદદથી વડાપ્રધાન શાસન કરે છે. વળી રાજ્યોની પણ અલગ વિધાનસભાઓ, વિધાનપરિષદ્ અને મુખ્યમંત્રીઓ છે. કૌટિલ્ય સંઘરાજ્ય અને ગણરાજ્યનો ઉલ્લેખ કરે છે. તેમાં સંઘરાજ્ય પણ 'शास्त्रोपजीविनः' અને 'राजशब्दोपजीविनः' હતું.



Scanned with CamScanner

## ૪. સપ્તાંગ સિદ્ધાન્તઃ-

રાજ્યના સાત અંગો આ પ્રમાણે છે. ૧. સ્વામી (રાજા) ૨. અમાત્ય (મંત્રી) ૩. રાષ્ટ્ર (જનપદ) ૪. દુર્ગ (કિલ્લો) ૫. કોશ (૬) દંડ (સેના કે બળ) ૭. મિત્ર (સુહૃદ્)

### ૪.૧ રાજા (સ્વામી)-

કૌટિલ્યના મતે રાજા આન્વીક્ષિકી, ત્રયી, વાર્તા અને દંડનીતિ આ ચારેય વિદ્યાઓનો જાણકાર હોવો જોઈએ. તેમાં સાંખ્ય-દર્શનશાસ્ત્ર, યોગ-ઉપાસનાશાસ્ત્ર, લોકાયત- ચાર્વાકદર્શનનો સમાવેશ આન્વીક્ષિકીમાં થાય છે- सांख्ययोगो लोकायतं चेत्यान्वीक्षिकी । આન્વીક્ષિકીને લીધે માણસની બુદ્ધિશક્તિ વિકસે છે. તેને કેટલાક વિદ્વાનો તર્કવિદ્યા કે તર્કશાસ્ત્ર તરીકે પણ ઓળખાવે છે. વાર્તા અર્થાત્ કૃષિ, પશુપાલન અને વાણિજ્ય- कृषि पशुपाल्ये वाणिज्या च वार्ता । (અર્થ. ૧.૪.૧) ત્રયીવિદ્યામાં ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ એ ત્રણ વેદો ઉપરાંત ઇતિહાસવેદ (અથર્વવેદ) અને શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છંદ અને જ્યોતિષ એ છ વેદાંગોનો સમાવેશ થાય છે. આ વિદ્યાઓથી વિનીત એવો પ્રજાના કલ્યાણ માટે તત્પર રાજા તેમજ સમસ્ત પ્રાણીઓના હિતમાં રત રાજા અખંડ પૃથ્વીને ભોગવે છે. विद्याविनीतो राजा हि प्रजानां विनये रतः । अनन्यां पृथिवीं भुङ्क्ते सर्वभूतहिते रतः ।।[४] રાજા એ રાજ્યરૂપી શરીરના મસ્તક સમાન છે. કૌટિલ્ય પ્રમાણે રાજા કાર્યપાલિકાનો સર્વોચ્ચ અધિકારી છે. રાજાની ઉત્પત્તિ જ પ્રજારંજન માટે થઇ છે. તેની બધી ક્રિયાઓ પ્રજાના કલ્યાણ માટે હોય છે.[૫] મનુના મતનો નિર્દેશ કરતાં કૌટિલ્ય જણાવે છે કે – मात्स्यन्यायाभिभूता प्रजा मनुं वैवस्वतं राजानं चक्रिरे, धान्यषड्भागं पण्यदशभागं हिरण्यं चास्य भागधेयं प्रकल्प्यामासुः ।[૬] આમ, રાજા જનતા પાસેથી આવકરૂપ કર એકત્ર કરી, તેનું આયોજન પ્રજાની સુરક્ષા અને કલ્યાણ માટે કરતો. આધુનિક સમયમાં પણ પ્રજા આવકના પ્રમાણમાં કર અદા કરે છે. તેના બદલામાં સરકાર લોકોને સુવિધાઓ અને સુરક્ષા પૂરાં પાડવા બંધાયેલી છે. તે માટે રાજા કેવો હોવો જોઇએ? તેના ગુણોનું વર્ણન કરતાં કૌટિલ્ય કહે છે કે- આ રાજા કુલીન, દૈવીબુદ્ધિસમ્પન્ન, વૃદ્ધોને આદર આપનારો, ધાર્મિક, સત્ભાષી, કૃતજ્ઞ, ઉન્નતલક્ષવાળો, ઉત્સાહી, સુદૃઢ બુદ્ધિવાળો, વિનયી અને દીર્ઘસૂત્ર ન હોય તેવો હોવો જોઇએ.[૭] શું આ ગુણોની અપેક્ષા લોકશાહીના સર્વોચ્ચ સ્થાને બેઠેલા નેતાઓમાં રાખવી જોઇએ કે નહીં? આ ગુણો પ્રાચીનકાળના રાજા માટે જેટલા અપેક્ષિત હતા તેટલા હાલના તત્કાલિન દુનિયાના તમામ સર્વોચ્ચ નેતાઓમાં પણ હોય તે અભિપ્રેત છે. આ એટલું જ અત્યારે સાંપ્રત છે જે પ્રાચીન સમયમાં કૌટિલ્યને હતું. વળી વર્ણાશ્રમ વ્યવસ્થાને ટકાવી રાખવી તે રાજાનો પરમ ધર્મ કહેવાયો છે. જે રાજા અને પ્રજા વર્ણાશ્રમધર્મ પ્રમાણે, આર્યમર્યાદા પ્રમાણે વ્યવસ્થિત રહે છે, તે વર્ણાશ્રમધર્મનું પાલન કરે છે તેવું કહેવાય. ત્રયી મુજબ જે પ્રજા રક્ષાયેલી રહે છે તે સદા પ્રસન્ન રહે છે. તેનો નાશ થતો નથી.

व्यवस्थितार्यमर्यादः कृतवर्णाश्रमस्थितिः। त्रय्या हि रक्षितो लोकः प्रसीदति न सीदति।।[૮]

વર્ણાશ્રમ ધર્મનું પાલન ન થવાથી સમાજમાં સમસ્યાઓ પેદા થાય છે. જો પ્રજા પોતપોતાના ધર્મનું પાલન કરે તો કોઇ વિરોધ ઊભો થતો નથી. આ વાત પણ એટલી જ પ્રસ્તુત છે. આજે ભારતમાં સરકારે દરેકના ધર્મના કર્તવ્યનું રક્ષણ કરવું જોઇએ. પ્રજારક્ષણ એ રાજાનું અત્યંત આવશ્યક કર્તવ્ય છે. રાજાનું પોતાનું હિતકારક કોઇ સ્વતંત્ર કાર્ય હોતું નથી. કૌટિલ્યના સમયમાં રાજા એ રાજ્યના સેવકથી વધારે ન હતો. રાજા અને તેના



Scanned with CamScanner

પરિવારને તેમના કાર્યપ્રમાણે વેતન આપવામાં આવતું હતું. કૌટિલ્ય રાજાને 'સ્વામી' તરીકે ગણે છે. પણ તેનો અધિકાર અપરાધીઓને દંડ આપવા પૂરતો મર્યાદિત હતો. મંત્રીપરિષદ્ કે સભાની બહુમતીથી તે બંધાયેલો હતો. આજની વ્યવસ્થામાં તો દંડનો અધિકાર પણ સરકાર પાસે નથી હોતો તે ન્યાયાલય પાસે સ્વતંત્ર છે. અન્ય નિર્ણયો પણ સરકારશ્રી સંસદમાં બહુમતીથી જ કરી શકે છે. કૌટિલ્ય ચાર પ્રકારની રાજ્યપ્રણાલી ગણાવે છે- રાજ્ય, મહારાજ્ય, આધિપત્ય અને સાર્વભૌમ. તેમાં સાર્વભૌમ શ્રેષ્ઠ હોવાથી રાજાએ સાર્વભૌમ બનવા પ્રયત્ન કરવો જોઈએ. તે જ રાજાનો મુખ્ય ઉદ્દેશ ગણાતો. એક હજાર યોજનમાં ફેલાયેલો ભૂ-ભાગ ચક્રવર્તી ક્ષેત્ર ગણાતો. આમ રાજા ચક્રવર્તી બને તે ઇષ્ટ ગણાતું. આજે વિશ્વગુરુ બનવા માટેનું ચિંતન આ જ વાતનો નિર્દેશ કરે છે. વિશાળ ભારતની કલ્પના તે આ જ હતી.

## ૪.૨ અમાત્ય (મંત્રી):-

અમાત્ય રાજાની આંખ છે. તે રાજ્યનું બીજું મહત્ત્વનું અંગ છે. રાજા તેના તમામ કાર્યો અમાત્યના પરામર્શથી કરતો હતો. અમાત્ય વિનાનો રાજા પંગુ હતો. કૌટિલ્ય પ્રમાણે અમાત્યપદ મંત્રી કરતાં ઊતરતું છે. સામર્થ્યને અનુરૂપ દેશ, કાળ અને કર્મ અનુસાર વિભાજિત કરીને અમાત્યોની નિયુક્તિ ધર્મોપધા વગેરે ઉપાયોથી પરીક્ષા કરીને કરવી જોઇએ. યોગ્ય પરીક્ષામાં ઉત્તીર્ણ થયા બાદ જ અમાત્યો કે મંત્રીઓની નિયુક્તિ કરવામાં આવતી હતી. પરંતુ કૌટિલ્ય અમાત્યોને મંત્રી બનાવવાની ચોખ્ખી ના પાડે છે.

विभज्यामात्यविभवं देशकालौ च कर्म च। अमात्यः सर्व एवैते कार्याः स्युर्न तु मन्त्रिणः।।[९]

મંત્રીમાં મંત્રી તરીકેના ગુણો તો હોવા જ જોઈએ, તદુપરાંત તેનામાં અમાત્યના ગુણો પણ અપેક્ષિત છે. અમાત્ય મંત્રીપરિષદ્નો સભ્ય તો હતો પણ તેને મંત્રણામાં ભાગ લેવાનો અધિકાર ન હતો. કૌટિલ્ય અમાત્યની યોગ્યતા દર્શાવતા -भारद्वाजः, विशालाक्षः, पराशरः गुह्यः, पिशुनः, कौणपदन्तः, वातव्याधिः વગેરેના મતોનો ઉલ્લેખ કરે છે. તે મુજબ અમાત્ય રાજાનો સહપાઠી, પવિત્ર, કાર્યક્ષમ હોવો જોઇએ. તો અન્ય મત પ્રમાણે ગુપ્તકાર્યોમાં રાજાનો સહાયક હોય તેને અમાત્ય બનાવવો જોઈએ. તો બીજા મત પ્રમાણે અમાત્ય શાસ્ત્રવિદ્ હોય પણ અમાત્યના કાર્યનો અનુભવ ન હોય તો તે નિષ્ફળ જાય છે. માટે ઉત્તમ, કુળવાન, પ્રજ્ઞાવાન, વિશ્વાસપાત્ર, વીર અને રાજા પ્રત્યે અનુરક્ત હોય તેવા લોકોને જ અમાત્ય બનાવવા, કારણ કે તેમનામાં ગુણોની પ્રધાનતા હોય છે. 'सर्वमुपपन्नमिति कौटिल्यः' અર્થાત્ કૌટિલ્યના મતે આ બધા મતો પોતપોતાની રીતે યોગ્ય છે.[૧૦] અમાત્યના ગુણો દર્શાવતાં કૌટિલ્ય જણાવે છે કે- સ્વદેશી, કુલીન, સ્વગ્રહ, શિલ્પી, શાસ્ત્ર દષ્ટિવાળો, પ્રાજ્ઞ, સ્મૃતિશીલ, ચતુર, વક્તા, પ્રગલ્ભ, ઉત્સાહી, પ્રભાવશાળી, પવિત્ર, સહિષ્ણુ, મિત્રતાયોગ્ય, દઢભક્તિ, શીલ-બળ- આરોગ્ય-ધૈર્ય સમ્પન્ન, ગર્વ અને ચપળતા રહિત, પ્રિય અને વૈરભાવમુક્ત પુરુષને અમાત્ય બનાવવો જોઈએ.[૧૧] તેની વિવિધ પ્રકારે ધર્મોપધા વગેરેથી પરીક્ષા કરી નિયુક્તિ કરવી જોઈએ. મંત્રીઓની નિયુક્તિ માટે ત્રણ પ્રકારનો વિધિ બતાવ્યો છે- પ્રત્યક્ષ, પરોક્ષ અને અનુમેય. રાજાએ સ્વયં નજરે જોયેલું હોય અને જાણેલું હોય તે પ્રત્યક્ષ, બીજા પાસેથી જાણેલું હોય તે પરોક્ષ અને સંપાદિત કરવામાં આવતાં કાર્યોના અનુમાનને અનુમેય કહે છે- प्रत्यक्षपरोक्षानुमेया हि राजवृत्तिः । स्वयं दृष्टं प्रत्यक्षं, परोपदिष्टं परोक्षं, कर्मसु कृतेनाकृतावेक्षमनुमेयम् ।।''[૧૨]આજના મંત્રીઓને લોકો નિર્વાચન દ્વારા ચૂંટે છે. તેમની આવી પરીક્ષા



Scanned with CamScanner

થતી નથી અને તેમનામાં ઉપર્યુકત ગુણો પણ હોય છે કે નહિ તે જોવાતું નથી. પરંતુ અમાત્યો અને મંત્રીઓની આવી પરીક્ષા ઇષ્ટ તો છે જ. ઉપર્યુક્ત ગુણ યુકત મંત્રીઓ વડે જ રાજા સફળ રીતે શાસન કરી શકે છે કારણ કે રાજા અને મંત્રી બંને પરસ્પર સહાયક છે, તેથી કૌટિલ્ય કહે છે કે - "રાજા અને મંત્રી સામ્રાજ્યરૂપી ગાડાનાં બે પૈડાં છે, જેમના વિના રાજ્યરૂપી ગાડુ આગળ વધી શકતું નથી." - सहायसाध्यं राजत्वं चक्रमेकं न वर्तते।[१३] મંત્રી એ રાજાનો એવો સહાયક છે જે વિપત્તિમાં તેની રક્ષા કરે છે અને પ્રમાદમાં સાવધાન કરે છે. તે રાજાના હિત, સમ્માન અને પ્રજાના કલ્યાણનું ધ્યાન રાખતો. તે રાજાને કુમાર્ગે જતાં રોકે છે અને રાજાના સ્વેચ્છાચાર પર અંકુશ રાખે છે- य एनमपायस्थानेभ्यो वारयेयुः[१४] લોકશાહી ભારતના મંત્રીઓએ આવા બનવું જોઈએ.

## ૪.૩ જનપદ (રાષ્ટ્ર)

જનપદ કે ભૂમિ રાજ્યની અથવા રાજાની જંઘા અથવા પગ છે. જનપદનો શાબ્દિક અર્થ ભૂ-ભાગ થાય, પરંતુ ભારતીય રાજનીતિશાસ્ત્રોમાં તે શબ્દ ભૂ-ભાગ અને જન સંખ્યા માટે પ્રયોજાયો છે. કૌટિલ્યના મતે ભૂમિમાં નદી, તળાવ, વન, ખાણો, જળમાર્ગો, સ્થળમાર્ગો, મૃત્તિકા, પશુ, પક્ષી, દુર્ગ, પર્વત, વગેરેનો સમાવેશ થાય છે. કૌટિલ્ય નગર, દુર્ગ અને રાજધાનીને 'પુર' કહે છે. શેષ રાષ્ટ્રને 'જનપદ' કહે છે. જન સંખ્યામાં ખેડૂતો, ઉદ્યમી લોકો અને આર્થિક યોગદાન આપવાવાળી પ્રજાનો સમાવેશ થાય છે. આ પ્રજા સ્વામી ભક્ત, પરિશ્રમી અને રાજાની આજ્ઞાનું પાલન કરવાવાળી હોવી જોઈએ. જનપદની સ્થાપના અંગે કૌટિલ્ય જણાવે છે કે જનપદનો સૌથી ઓછી જનસંખ્યાવાળો વસવાટનો પ્રદેશ 'ગ્રામ' છે. આજના ભારતમાં પણ તેવું જ છે. સૌથી ઓછી સંખ્યાવાળો પ્રદેશ 'ગામ' કહેવાય છે અને તેમાં ગ્રામપંચાયત હોય છે. કૌટિલ્ય પ્રમાણે દસગ્રામોના સમૂહનું એક 'સંગ્રહણ' રાજકીય કાર્યાલય બનતું. "शुद्रकर्षकप्रायं कुलशतावरं पञ्चशतकुलपरं ग्रामं कोशद्विकोश सीमानमन्योन्यारक्षं निवेशयेत्।[१५] કૌટિલ્ય સ્પષ્ટ કરે છે કે ઓછામાં ઓછા સો ઘર અને વધુમાં વધુ પાંચસો ઘરવાળું ગામ બનાવવું. તેના શાસન સ્થાનને 'ખર્વટક' કહેવાય. ચારસો ગામોના શાસન સ્થાનને- 'દ્રોણમુખ', આઠસો ગામના શાસન સ્થાનને 'સ્થાનીય' કહેવાતું- अष्टशतग्राम्यामध्ये स्थानीयं, चतुरशतग्राम्या द्रोणमुखं, दविशतग्राम्याः खार्वटिकं, दशग्रामीसङ्ग्रहेण सङ्ग्रहणं स्थापयेत्।[१६] ૮૦૦ લોકોનું 'સ્થાનીય' અથવા 'મહાગામ' કહેવાય. કૌટિલ્યે જનપદના રક્ષણ માટેની વ્યવસ્થા પણ સૂચવી છે. મનુ પણ આવા રાજ્યના રક્ષણની વ્યવસ્થા સૂચવે છે-

ग्रामस्याधिपति कुर्याद्दशग्रामपतिं तथा। विशंतीशं शतेशं च सहस्त्रपतिमेव च।।[१७]

સંપૂર્ણ જનપદની શાસનવ્યવસ્થા રાજાનો પ્રતિનિધિ 'સમાહર્તા' સંભાળતો, જે હાલ કલેક્ટર કહેવાય છે. દસ ગામનો અધિકારી 'ગોપ'. જે હાલ સરપંચ યા મુખિયા કહેવાય છે. નગરનો અધિકારી 'સ્થાનિક' કહેવાતો. જે હાલ નગરપાલિકા પ્રમુખ તરીકે ઓળખાય છે. કૌટિલ્ય જણાવે છે કે રાષ્ટ્રની આર્થિક વ્યવસ્થાને સુદઢ બનાવવા રાજાએ રાષ્ટ્રભૂમિનો સંપૂર્ણ ઉપયોગ કરવો જોઈએ. ભૂમિરક્ષણ અને ભૂમિસમૃદ્ધિના ઉપાયો કરવા જોઈએ. ભૂમિ જ પ્રજાના ત્રિવિધ-ધર્મ, અર્થ અને કામ એ પુરુષાર્થોની પૂર્તિનું પ્રાથમિક સાધન છે. તેથી કૌટિલ્ય ભૂમિને અર્થશાસ્ત્ર કહે છે- मनुष्याणां वृत्तिरर्थः, मनुष्यवती भूमिरित्यर्थः।[१८] આમ ભૂમિ અને જનપદની વાત આજે પણ એટલી જ મહત્ત્વની છે. આથી જ ખેતીવિષયક સંશોધનો દ્વારા ઉત્પાદન વધારવાના ઉપાયો પર આધુનિક શાસન ભાર મૂકે છે. જેનાથી લોકોના ધર્મ, અર્થ અને કામ પુરુષાર્થોની ઉપલબ્ધિ થઇ શકે.



Scanned with CamScanner

## ૪.૪ દુર્ગ (કિલ્લો)

દુર્ગ રાજ્યરૂપી શરીરના બાહુ છે. જેનું કાર્ય રાજા કે રાજ્યનું રક્ષણ કરવાનું છે. તે રાજ્યની રક્ષણાત્મક શક્તિનું પ્રતીક છે. રાજ્યને વધુ શક્તશાળી બનાવવામાં દુર્ગ મહત્ત્વનો હતો. મનુ દુર્ગ અંગે જણાવે છે કે "દુર્ગમાં સુરક્ષિત એક ધનુર્ધારી સો યોદ્ધાઓની સામે અને સો ધનુર્ધારી દસ હજાર યોદ્ધાઓની સામે લડવા સમર્થ બને છે." एकः शतं योधयति प्राकारस्थो धनुर्धरः। शतं दशसहस्त्राणि तस्माद्दुर्गं विधीयते।।[१९]

કૌટિલ્યના મતે દુર્ગના અભાવે શત્રુ સરળતાથી રાજકોષ પર અધિકાર મેળવી શકે છે. જે શાસકોનો દુર્ગ મજબૂત હોય તેવા શત્રુઓને પરાસ્ત કરવા દુષ્કર છે.[૨૦] દુર્ગના અનેક પ્રકારો છે. મહાભારતમાં દુર્ગના છ પ્રકાર બતાવ્યા છે- ધન્વદુર્ગ, મહીદુર્ગ, ગિરિદુર્ગ, મનુષ્યદુર્ગ, મૃત્તિકાદુર્ગ અને વનદુર્ગ.[૨૧] મનુ પણ તે જ છ પ્રકાર બતાવે છે- धन्वदुर्गं महीदुर्गमब्दुर्गं वार्क्ष्यमेव वा। नृदुर्गं गिरिदुर्गं वा समाश्रित्य वसेत्पुरम्।।[२२]

કૌટિલ્ય દુર્ગના ચાર પ્રકાર બતાવે છે- ઔદકદુર્ગ, પાર્વતદુર્ગ, ધન્વદુર્ગ અને વનદુર્ગ. આ બધામાં ગિરિદુર્ગ શ્રેષ્ઠ ગણાય છે. કૌટિલ્ય કહે છે કે- चतुर्दिशं जनपदान्ते साम्परायिकं दैवकृतं दुर्गं कारयेत्, अन्तर्द्वीपं स्थलं वा निम्नावरुद्धमोदकं प्रास्तरं गुहां वा पार्वतं निरुदकस्तम्बमिरिणं वा धान्वनं खञ्जनोदकं स्तम्भगहनं वा वनदुर्गम्।।[२३] રાજાએ નદી કે તળાવ કિનારે મોટા નગરો બાંધી તેની ચારેય તરફ ખાઇઓ બનાવી વિશાળ પ્રાકાર બનાવવો જોઈએ. ત્યારબાદ દુર્ગનો દરવાજો બનાવવો. દુર્ગની અંદર વિશાળ સ્થાન હોય અને તેમાં ઘાસ, ઇંધણ, પાણી વગેરેની સંપૂર્ણ વ્યવસ્થા હોવી જોઇએ. જો કે આધુનિક યુગમાં આ પ્રકારના દુર્ગની કોઇ આવશ્યકતા રહી નથી. કારણ કે હવાઇ સૈન્ય અને તેની ટેક્નોલોજીને વિચારતાં જે રક્ષણ માટે દુર્ગની આવશ્યકતા હતી તે અહીં અપ્રસ્તુત જણાય પણ મનુષ્યો દ્વારા અપાતી સુરક્ષા તો મનુષ્યદુર્ગની ગરજ સારે છે. સૈન્ય જ દેશની રક્ષા કરવાની ગરજ સારે છે. પણ હા, સીમાપ્રાન્તમાં ઘુસણખોરી રોકવાના હેતુથી સીસીટીવી કેમેરાની વ્યવસ્થા અને તારની વાડ ઉભી કરવામાં આવે છે.

## ૪.૫ કોશ (રાજકોશ)

રાજકોશ રાજ્યનું મુખ ગણાય છે. રાજ્યનું સંગઠન, સમૃદ્ધિ, સ્થિરતા, અને સંચાલનનો આધાર રાજ્યકોશ મનાતો હતો- कोशमूलो हि दण्डः। રાજ્યકોશના મહત્ત્વને સમજનારા ભારતીય રાજનીતિના આચાર્યોએ રાજ્યના સાત અંગોમાં રાજકોશને પણ મહત્ત્વનું સ્થાન આપ્યું છે. કૌટિલ્ય કહે છે કે- कोशमूलाः कोशपूर्वाः सर्वारम्भाः। तस्मात्पूर्वं कोशमवेक्षेत। રાજાના સર્વકાર્યોનો આધાર કોશ પર રહે છે. મનુ પ્રમાણે સરકાર અને કોશનો સીધો સંબંધ રાજા સાથે છે, તેથી રાજાએ તેનું પરીક્ષણ કરતાં રહેવું જોઇએ. नृपतेः कोशराष्ट्रौ चायतौ ।[२४] મહાભારતકાર પણ જણાવે છે કે રાજાએ કોશની સુરક્ષા કરવી જોઈએ કારણ કે રાજ્યની પ્રગતિ માટે રાજા પણ કોશ આશ્રિત છે.[૨૫] યાજ્ઞવલ્ક્ય પણ રાજાને સલાહ આપતાં જણાવે છે કે- રાજ્યની આવકનું નિરીક્ષણ થવું જોઈએ અને કર્મચારીઓ દ્વારા એકત્રિત કરાયેલો ધનરાશિ કોશમાં જમા થવો જોઈએ.[૨૬] કૌટિલ્ય રાજકોશના સાધનોને 'આયશરીર' કહે છે. એ આયશરીરમાં દુર્ગ, રાષ્ટ્ર, ખાણ, સેતુ, વન અને વ્યાપાર સ્થળોનો સમાવેશ થાય છે. તે રાજ્યની આવકના મુખ્યસ્રોત છે. આ ઉપરાંત વિવિધ કર જેવા કે- અર્થવિષયક પૌતવ કર (માપ-તોલ કર), બલિકર, વણિકકર, કૃષિકર, ધાર્મિકકર, ઉત્પાદનનો અંશ, નાગરિકો પાસેથી પ્રાપ્ત થતો રાજ્યભાગ, વ્યવસાયિક વસ્તુઓની આયાત નિકાસનો કર, ભૂમિકર, હિરણ્યકર વગેર રાજકોશની આવકના સ્રોત હતા. જેની આવક રાજકોશમાં જમા



Scanned with CamScanner

થતી હતી. મનુએ અને કૌટિલ્યે સામાન્ય સ્થિતિમાં ઉપજનો છઠ્ઠો ભાગ પ્રજા પાસેથી કરરૂપે લેવો તેમ જણાવ્યું છે.[२७] કૌટિલ્ય પ્રમાણે માળી જેમ બગીચામાં કાચાં ફળોને છોડી માત્ર પાકાં ફળોને લે છે, તેમ કર ભરનારની શક્તિ જોઈ કર નાખવો જોઈએ.[२८] ભમરો ફૂલમાંથી રસ ચૂસે તેમ રાજાએ પ્રજા પાસેથી થોડો અને ઉચિત માત્રામાં કર લેવો જોઈએ.[२९] આ વાત એટલી બધી સાંપ્રત છે કે સરકારે આ બાબતે વિચારવું જોઇએ. પ્રજાલક્ષી કર હોવો જોઈએ. કરચોરી અને રાજ્યની આવક ન કરાવનારા લોકો માટે કૌટિલ્ય કહે છે કે આવા લોકો પાસેથી તે સાધનો છીનવી લઇ બીજાઓને આપવા જેથી કોશવૃદ્ધિ થાય. આને અનુગ્રહ- પરિહારનો સિદ્ધાંત કહે છે. अनुग्रहपरिहारौ चैतेभ्यः कोशवृद्धिकरौ दद्यात्। कोषोपघातिकौ वर्जयेत्। अल्पकोशो हि राजा पौरजानपदानेव ग्रसते।[३०] તેથી રાજાએ એટલે કે સરકારોએ આયશરીરનું રક્ષણ કરવું જોઈએ. एवं द्रव्यद्वीपवनं सेतुबन्धनमथाकरान्। रक्षेत्पूर्वकृतान् राजा नवांश्चाभिप्रवर्तयेत्।। આધુનિક સમયમાં પણ રાજ્યની કે દેશની સંપત્તિની રક્ષા માટે દ્રવ્યવન, હાથીવન, સેતુબંધ, ખાણ જેવા સ્રોતોની રક્ષા જરૂરી છે. જેમાંથી દેશની આવક અવિરત રહી શકે અને તેની આય સમયે સમયે દેશના ખજાનામાં રાજ્યકોશમાં જમા થવી જોઈએ. આધુનિક આયશરીરમાં કર મહત્ત્વનો છે. તેનું રક્ષણ થવું અર્થાત્ તેમાં થતી ચોરી (કરચોરી) બંધ થવી જોઈએ. જો કરચોરી બંધ થાય તો દેશની તિજોરી છલકાઇ જાય તેમાં કોઇ નવાઇ નથી.

## ૪.૬ દંડ, સેના અથવા બળ-

દંડ રાજ્યનું 'મસ્તક' ગણાય છે. કૌટિલ્ય ચાર વિદ્યાઓ ગણાવે છે- આન્વીક્ષિકી, ત્રયી, વાર્તા અને દંડનીતિ. રાજા માટે આ ચારેય વિદ્યાઓનું અધ્યયન કરવું અનિવાર્ય હતું. કૌટિલ્ય જણાવે છે કે વિદ્યાથી વિનીત થયેલો રાજા જ પ્રજાનું હિત કરી શકે. विद्याविनीतो राजा हि प्रजानां विनये रतः। अनन्यां पृथिवीं भुङ्क्ते सर्वभूतहिते रतः।।[३१]

શું આજના નેતાઓ આ વિદ્યાઓથી જાણકાર હોય છે? આ વિચારવા જેવું છે. દંડને સમજાવતાં કૌટિલ્ય કહે છે કે આન્વીક્ષિકી, ત્રયી અને વાર્તા આ ત્રણેય વિદ્યાઓના યોગક્ષેમનું સાધન તે દંડ છે. આ દંડને પ્રતિપાદિત કરનારી નીતિ તે દંડનીતિ કહેવાય- ''आन्वीक्षिकीत्रयीवार्तानां योगक्षेमसाधनो दण्डः। तस्य नीतिर्दण्डनीतिः।'' આ દંડનીતિ અપ્રાપ્યને પ્રાપ્ત કરાવનારી, પ્રાપ્તનું રક્ષણ કરનારી, રક્ષિતનું સંવર્ધન કરનારી, સંવર્ધિતનું પુણ્યક્ષેત્રમાં વિનિયોગ કરનારી છે.[३२] મનુસ્મૃતિ પણ આવું જ વિચારે છે-

अलब्धं चैव लिप्सेत लब्धं रक्षेत्प्रयत्नतः। रक्षितं वर्धयेच्चैव वृद्धं निःक्षेपेत्।।[३३]

કૌટિલ્યના દંડનું તાત્પર્ય સેના, બળ કે કાયદો છે. રાજાએ પોતાના રક્ષણ માટે દંડ અને કોશ પોતાને આધીન રાખવા જોઇએ. ન્યાય- અન્યાય અને સંધિ-વિગ્રહ, વગેરે રાજનીતિના છ ગુણો બતાવનારી વિદ્યા તે દંડનીતિ છે. સંધિ-વિગ્રહ વગેરે વિદેશનીતિની વાત કરે છે. રાજનીતિના છ ગુણો આ પ્રમાણે છે. (૧) સંધિ (Treaty of Peace) (૨) વિગ્રહ (Hostility) (૩) યાન (Mobilization) (૪) આસન (Neutrality) (૫) સંશ્રય (Subordinate Alliance) (૬) દ્વૈધીભાવ (Diplomatic Maneuvering). જે આજની વિદેશનીતિ માટે પણ મહત્ત્વના છે. પ્રાચીન ભારતીય આચાર્યોએ રાજ્યના આર્થિક વિકાસ, રાજ્ય સંચાલન અને પ્રજાકલ્યાણ માટે દંડને મહત્ત્વનો ગણાવ્યો છે. ઉપર્યુકત છ ગુણોથી સંપન્ન રાજનીતિ કે દંડનીતિ હોવી જોઇએ. દંડ એ



Scanned with CamScanner

રાજસત્તાનું પ્રતીક છે, તેનાથી ગુનાખોરી ડામી શકાય છે. ન્યાયની પૂર્તિ માટેની સેના (બળ) ચાર પ્રકારની હતી- પાયદળ, ઘોડેસવાર, ગજદળ તેજ રથસૈન્ય. તેને ક્રમશઃ નિવૃત્તાત્મક, નિરોધાત્મક, સુધારાત્મક અને પ્રતિકારાત્મક તરીકે રાજનૈતિક દાર્શનિકોએ વિચાર્યું છે. કૌટિલ્યની દંડની પરિભાષા રાજનીતિ, ન્યાય, સીમાસુરક્ષા, વિદેશનીતિ એ તમામને આવરી લે છે. તે આજની સામાજિક અને આર્થિક વ્યવસ્થા માટે માર્ગદર્શકરૂપ બની શકે તેમ છે. દંડના ભયથી જ તમામ પ્રાણીઓ પોતપોતાની પ્રવૃત્તિ કરવામાં સમર્થ બને છે અને પોતાના ધર્મમાંથી ચલિત થતા નથી.

चतुर्वर्णाश्रमो लोको राज्ञा दण्डेन पालितः। स्वधर्मकर्माभिरतो वर्तते स्वेषु वर्त्मसु।।[૩૪]

લોકોની આજીવિકા દંડ ઉપર આધારિત છે, તેથી કૌટિલ્ય કહે છે કે કઠોર દંડ આપનારો રાજા પ્રાણીઓને દુઃખી કરે છે. જો દંડમાં ઢીલાશ રાખવામાં આવે તો રાજા પોતે અપમાનિત થાય છે. યથાર્થ દંડ આપનાર રાજા પૂજાય છે. સારી રીતે જ્ઞાનપૂર્વક પ્રયોજયેલો દંડ જ પ્રજાને ધર્મ, અર્થ અને કામમાં પ્રવૃત્ત કરે છે- ''यथार्हदण्डः पूज्यः। सुविज्ञातप्रणीतो हि दण्डः प्रजा धर्मार्थकामैर्योजयति।[૩૫] કામક્રોધને વશીભૂત થઈને પ્રયોજાયેલો દંડ લોકોમાં માત્સ્યન્યાય જન્માવે છે. દંડ ધારણ કરનારા રાજાના અભાવમાં બળવાન નિર્બળને પોતાનો કોળિયો બનાવી દે છે. માટે દેશ, કાળ અને દંડશકિતનો વિચાર કરી રાજાએ વિનય પૂર્વકનો શાસ્ત્રાનુસારી દંડ પ્રયોજવો જોઈએ.[૩૬] આજની સરકારોએ આ બાબતનું ધ્યાન રાખવું જોઈએ કે પૈસાદાર માણસોના હાથે દંડ-ન્યાય વેચાવો જોઈએ નહિ. આ દંડશકિતના અભાવે આજે પણ સક્ષમ માણસો નિર્બળોનું શોષણ કરે છે. ગમે તે માણસની હત્યા કરનાર પુરાવાના અભાવે નિર્દોષ પણ છૂટે છે.

## ૪.૭ મિત્ર (સુહૃદ્)

મિત્ર રાજાના 'કાન' ગણાય છે. કૌટિલ્ય યુદ્ધયાત્રાના વિષયમાં મિત્રલાભ, હિરણ્યલાભ, અને ભૂમિલાભની ચર્ચા કરે છે. આમાંના કોઇ પણ એક લાભથી બે લાભ અનાયાસે જ સિદ્ધ થઇ જાય છે. સુવર્ણ, મિત્ર અને ભૂમિના આધારે શ્રેષ્ઠમિત્રની ચર્ચા કરવામાં આવી છે. કૌટિલ્યના મતે ગુણોના ભેદથી છ પ્રકારના મિત્ર હોય છે. (૧) નિત્ય (૨) વશ્ય (૩) શીઘ્ર તૈયાર થઇ જનારો (લઘૂત્થાન) (૪) પિતા-પિતામહના ક્રમથી ચાલ્યો આવતો (૫) મહાન (૬) દ્વિધારહિત. नित्यं वश्यं लघूत्थानं पितृपैतामहं महत्। अद्वैध्यं चेति सम्पन्नं मित्रं षडगुणमुच्यते।।[૩૭]

મિત્રના આ ખ્યાલને વ્યિકતગત અને સમષ્ટિગત (રાષ્ટ્રની દષ્ટિએ) પણ વિચારી શકાય. જે કોઇ મિત્ર ધનની લાલચ વિના તથા પૂર્વજોના વધેલા સંબંધથી બંધાઇને સંબંધીની રક્ષા કરે છે અને જે વિજિગીષુ દ્વારા રક્ષા પામે છે તેમજ જે વિજિગીષુની પણ રક્ષા કરે છે તે રાજા 'નિત્યમિત્ર' છે.[૩૮] અર્થપ્રાપ્તિના ભેદથી બીજો વશ્યમિત્ર પણ ત્રણ પ્રકારનો હોય છે- સર્વભોગ, ચિત્રભોગ અને મહાભોગ. જે ભૂમિ, સુવર્ણ, સેના વગેરે આપીને વિજિગીષુની મદદ કરે તે 'સર્વભોગમિત્ર' કહેવાય. જે રત્ન વગેરે સાર અને અસાર વસ્તુઓ વડે વિજિગીષુની સહાયતા કરે છે તે 'ચિત્રભોગમિત્ર' છે. જે ફકત સેના અને કોષથી સહાયતા કરે છે તે 'મહાભોગમિત્ર' કહેવાય છે.[૩૯] વિના પ્રયત્ને જ સેનાથી સહાય કરનારો 'લઘૂત્થાન' કહેવાય છે.[૪૦] જે કુલ પરંપરાથી મિત્ર હોય તે 'પિતૃ-પૈતામહામિત્ર' કહેવાય.[૪૧] જે અત્યંત સેનાથી યુકત હોય તે 'મહત્ મિત્ર' કહેવાય છે.[૪૨] જે મિત્રની સાથે સમાન સુખ દુઃખનો અનુભવ કરે, મિત્રનો સદા ઉપકાર કરતો રહે, પોતાના મનમાં મલિનતા ન આવવા દે અને વિપત્તિમાં જે દ્વિધામાં ન પડે તે



Scanned with CamScanner

'અદ્વૈધ્યમિત્ર' કહેવાય છે.[૧૩] સરકારોએ કે રાજાએ બીજા રાજ્ય કે દેશો સાથે આવા મિત્રોને ઓળખી તેમની કક્ષા નક્કી કરી રાખવી જોઈએ. યોગ્ય સમયે પરીક્ષા કરી તેમની ખાત્રી કરી લેવી જોઈએ. આજે પણ અમેરિકા, રશિયા વગેરે દેશો સાથેની મિત્રતામાં આ નીતિ ઉપયોગી જણાય છે.

## ૬. ઉપસંહાર:

કૌટિલ્યનો ઉપર્યુક્ત સપ્તાંગ સિદ્ધાંત આજે પણ એટલો જ ઉપયોગી જણાય છે જેટલો પ્રચીનકાળમાં હતો. હા, ટેક્નોલોજી અને આધુનિકીકરણને લીધે તેનું સ્વરૂપ ચોકકસથી બદલાયું છે. પણ મૂળ સિદ્ધાંત તો એ જ છે જેના આધારે પ્રાચીન રાજા કે આજની સરકારો શાસન કરે છે. આજની સમગ્ર બાબતને ન આવરી લેતા હોવા છતાં તે સિદ્ધાંતનું મહત્ત્વ ઓછું થઇ જતું નથી, તે ચોક્કસથી ઉપર્યુકત વિગતોથી સ્પષ્ટ થાય છે. આધુનિક વિદ્વાનોએ તેને આજના યુગમાં યોગ્ય નથી માન્યો પણ સૂક્ષ્મબુદ્ધિથી વિચારીએ તો જ ખબર પડશે કે કર, દંડ, રાજનીતિ, વિદેશનીતિ, વગેરે બાબતોમાં પણ આ સપ્તાંગ સિદ્ધાંત આજે પણ એટલો જ પ્રસ્તુત છે જેટલો પ્રાચીનસમયમાં હતો.

### સંદર્ભ


૧ કૌટિલીય અર્થશાસ્ત્ર ૧૫.૧.૧.૨

૨ કૌટિલીય અર્થશાસ્ત્ર ૧.૭.૪

૩ અર્થશાસ્ત્ર-૧.૧૪.૧૯

૪ અર્થશાસ્ત્ર-૧. અન્ય

૫ અર્થશાસ્ત્ર-૧.૧.૯

૬ અર્થશાસ્ત્ર-૧.૧૩.૫.૭

૭ અર્થશાસ્ત્ર-૬.૧

૮ અર્થશાસ્ત્ર-૧.૨.૧૦

૯ અર્થશાસ્ત્ર-૧.અ.-૮

૧૦ અર્થશાસ્ત્ર-૧.અ-૮

૧૧ અર્થશાસ્ત્ર-૧.અ.-૯

૧૨ અર્થશાસ્ત્ર-૧.૪.૮

૧૩ અર્થશાસ્ત્ર-૧.૩.૬

૧૪ અર્થશાસ્ત્ર-૧.૩.

૧૫ અર્થશાસ્ત્ર-૨.૨૧.૨

૧૬ અર્થશાસ્ત્ર-૨.૨૧.૩.

૧૭ મનુસ્મૃતિ-૭.૧૧૪

૧૮ અર્થશાસ્ત્ર-૧૫.૧.૧

૧૯ મનુસ્મૃતિ-૭.૭૪

૨૦ અર્થશાસ્ત્ર-૮.૧




Scanned with CamScanner

૨૧ મહાભારત-શાન્તિપર્વ- ૫.૮૬.૫

૨૨ મનુસ્મૃતિ-૭.૭૦

૨૩ અર્થશાસ્ત્ર-૨.૩

૨૪ મનુસ્મૃતિ-૭.૬૫

૨૫ મહાભારત-શાન્તિપર્વ-૧૧૯.૧૬

૨૬ યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ-૧.૩૨૭.૨૮.

૨૭ મનુસ્મૃતિ-૭.૧૩૦

૨૮ અર્થશાસ્ત્ર-૫.૯૦.૨

૨૯ અર્થશાસ્ત્ર-૫.૨

૩૦ અર્થશાસ્ત્ર-૨.૮

૩૧ અર્થશાસ્ત્ર-૧.૨.૫

૩૨ અર્થશાસ્ત્ર-૧.૧.૪

૩૩ મનુસ્મૃતિ-૭.૯૯

૩૪ અર્થશાસ્ત્ર-૧.૧.૪

૩૫ અર્થશાસ્ત્ર-૧.૧.૪

૩૬ मनु.-७.१७, मनु. ७.९९

૩૭ અર્થશાસ્ત્ર-૭.૯.૫૦

૩૮ અર્થશાસ્ત્ર-૭.૯.૫૧

૩૯ અર્થશાસ્ત્ર-૭.૯.૫૨

૪૦ અર્થશાસ્ત્ર-૭.૯.૫૪

૪૧ અર્થશાસ્ત્ર-૭.૯.૫૪

૪૨ અર્થશાસ્ત્ર-૭.૯.૫૪

૪૩ અર્થશાસ્ત્ર-૭.૯.૫૫


**સંદર્ભ ગ્રન્થો**


૧ કૌટિલીય અર્થશાસ્ત્ર- સસ્તુ સાહિત્ય મુદ્રણાલય, રાયખડ, અમદાવાદ-૩૮૦૦૨૨

૨ મનુસ્મૃતિ (કુલ્લૂકભટ્ટ ટીકા સાહિત), ડો.પ્રવીણ પ્રલયઙ્કર, ન્યુ ભારતીય બુક કોર્પોરેશન, દિલ્હી

૩ કૌટિલીય અર્થશાસ્ત્ર-સંપા. રઘુનાથસિંહ, ચૌખમ્બા, વારાણસી.

૪ કૌટિલીય અર્થશાસ્ત્ર-સંપા. નર્મદા રાવલ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ,

૫ કૌટિલીય અર્થશાસ્ત્ર- સંપા. વાચસ્પતિ ગૈરોલા, ચૌખમ્બા, વારાણસી

૬ Studies in Kautilya Vocabulari- Ashoka Chattarjee Sastri, Parimal Publications, Delhi

૭ हिन्दु राजशास्त्र, डॉ. सुरेन्द्रकुमार जायस्वाल, साहित्यप्रकाशन, दिल्ली

૮ મહાભારત, ગીતાપ્રેસ, ગોરખપુર

૯ યાજ્ઞવલ્ક્યસ્મૃતિ- ચૌખમ્બા સંસ્કૃત સીરીઝ, વારાણસી.




Scanned with CamScanner